જા.ક્ર.મા-૨ /૨૦૨૫/ 10410

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૯/૦૮/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરના "અમારું વિદ્યાલય-અમારું સ્વાભિમાન" અભિયાન અંતર્ગત અત્રેના જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં ૧ સપ્ટેમ્બરના રોજ પ્રાથના સભામાં સંકપ્લ લેવા બાબતના તા.૨૧/૦૮/૨૦૨૫ના પત્રાંક:DPE/SKL/e-file/105/2025/4363/sankalanની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

ક્રમાંક: DPE/SKL/e-file/105/2025/4363/Sankalan
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર.

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- "અમારું વિદ્યાલય-અમારું સ્વાભિમાન" ગુજરાતની તમામ શાળાઓમાં ૧ સપ્ટેમ્બરના રોજ પ્રાર્થના સભામાં સંકલ્પ લેવા બાબત.

સંદર્ભ:- (૧) માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: અં.મ./આ.વિ./શિક્ષણ/૨૪૯૭/૨૫, તા.૦૮/૦૮/૨૦૨૫
(૨) અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતનો પત્ર તા.૦૩/૦૮/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, ગાંધીનગરના સંદર્ભ-૧ના પત્રથી મળેલ સંદર્ભ-૨ના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના તા.૦૩/૦૮/૨૦૨૫ પત્રથી મળેલ રજુઆતની વિગતે સમગ્ર ગુજરાતની શાળાઓમાં શિક્ષક-વિદ્યાર્થી પોતાની વિદ્યાલય સાથે આત્મીયતાથી જોડાય તથા વિદ્યાલય વિશે ગૌરવ અનુભવે તો સમગ્ર શાળાનું ભાવાવરણ બનતું હોય છે. વિદ્યાર્થી તથા શિક્ષકનું શાળા સાથેનું જોડાણ ઉત્તરોત્તર પ્રગતિમાં સહાયક બને તે માટે "અમારું વિદ્યાલય-અમારું સ્વાભિમાન" અભિયાન અંતર્ગત ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં ૧ સપ્ટેમ્બર ના રોજ પ્રાર્થના સભામાં સંકલ્પ લેવાની અનુકૂળતા કરવા માટે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

**બિડાણ:-** ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ . . .**
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત, દેવભુમિ, શ્રી ત્રિવેણી વિદ્યાલય પાછળ, મહેતાપુરા, હિંમતનગર-સાબરકાંઠા

Signature Not Verified
Signed by: B.D.Baria
Deputy Director of Education (Plan)
Date:2025.08.19
18:20:39 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**અંગત મદદનીશ**

सत्यमेव जयते


ક્રમાંકઃ અં.મ./આ.વિ./શિક્ષણ/૨૪૯૭/૨૫

**મંત્રીશ્રી,**
**આદિજાતિ વિકાસ, પ્રાથમિક,**
**માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય,**
**ગુજરાત સરકાર**
પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : (ઓ) ૦૭૯-૨૩૨-૫૦૧૨૯/૩૮૦૭૫
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૦૩૦૬
ઈ-મેઈલ : min-education@gujarat.gov.in


તારીખ :- 8 AUG 2025

શ્રી મિતેષભાઈ બી. ભટ્ટ, અધ્યક્ષશ્રી, અખિલ ભારતીય રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની તા.03/08/2025ની રજૂઆત આ સાથે સામેલ રાખેલ છે.

સદર રજૂઆતની વિગતે, 1 સપ્ટેમ્બર 2025ના રોજ 'અમારું વિદ્યાલય–અમારું સ્વાભિમાન' અભિયાન અન્વયે ગુજરાત રાજ્યની 'તમામ શાળાઓ'માં પ્રાર્થના સભામાં સંકલ્પ લેવા સુચના આપવા અંગેની માન.મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરેલ છે.

ઉક્ત રજૂઆત પરત્વે જરૂરી સૂચનો કરી પરિપત્ર જાહેર કરવા માન.મંત્રીશ્રીની આજ્ઞાનુસાર વિનંતી છે.

**(ચિરાગકુમાર પટેલ)**

પ્રતિ

- **નિયામકશ્રી,**
  **પ્રાથમિક શિક્ષણની કચેરી,**
  બ્લોક નં–૧૨/૧, ડૉ. જીવરાજ મેહતા ભવન,
  ગાંધીનગર.
- **નિયામકશ્રી,**
  **શાળાઓની કચેરી,**
  વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર–19,
  ગાંધીનગર.

K.B

રાષ્ટ્ર કે હિતમે શિક્ષા     શિક્ષા કે હિતમે શિક્ષક     શિક્ષક કે હિતમે સમાજ

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત

**(વિદ્યાલય શિક્ષા)**

સરકાર માન્ય : શિક્ષણ વિભાગ ક્રમાંક : પરચ/૧૨૨૦૧૨/ઈ.એમ-૧૨/ગ તા.૬/૩/૨૦૧૯

કાર્યાલય : દેવભુમિ, શ્રી ત્રિવેણી વિદ્યાલય પાછળ, મહેતાપુરા, હિંમતનગર, જિ.સાબરકાંઠા–૩૮૩૦૦૧. મો.૯૮૯૮૬૩૦૬૩૧

ABRSM

: અધ્યક્ષ :
મિતેષભાઈ બી. ભટ્ટ
દેવભુમિ, મહેતાપુરા, હિંમતનગર.
મો. ૯૮૯૮૬ ૩૦૬૩૧
Email : bhattmiteshb72@gmail.com

: સંગઠન મંત્રી :
સરદારસિંહ જે. મછાર
મુ.પટીસરા, તા. ફતેપુરા, જિ.દાહોદ
મો. ૮૪૬૯૫ ૪૪૨૦૩
Email : msardarsinh2@gmail.com

: મહામંત્રી :
પરેશકુમાર આર. પટેલ
૪, શીવ ઓમ-૨, જોગણી માતા રોડ, બાકરોલ, આણંદ.
મો. ૯૪૨૭૫ ૪૭૯૪૫, ૯૩૨૭૫ ૭૦૫૩૦
Email : saumya362010@gmail.com

: વરિષ્ઠ ઉપાધ્યક્ષશ્રી :
જીગ્નેશભાઈ એમ. પટેલ
મો. ૯૮૨૫૧ ૪૮૨૦૦

: અતિરિક્ત મહામંત્રી :
પરેશકુમાર આર. પટેલ
મો. ૯૪૨૮૮ ૧૧૪૩૨

: સહસંગઠન મંત્રી :
રમેશભાઈ ડી. ચૌધરી
મો. ૯૮૭૯૨ ૦૮૪૫૦
અનિરૂદ્ધસિંહ પી. સોલંકી
મો. ૯૯૭૯૭ ૨૫૦૨૬

: ઉપાધ્યક્ષશ્રી :
મૂળજીભાઈ કે. ગઢવી
મો. ૯૮૭૯૭ ૧૬૩૯૧
દિપેશભાઈ એમ. ભગત
મો. ૯૯૨૫૪ ૬૧૪૩૯
રાજેન્દ્રસિંહ પી. રાવલજી
મો. ૯૬૮૭૦ ૪૮૭૩૩
નાથુભાઈ એન. ઘોયા
મો. ૯૮૭૯૩ ૪૪૧૮૧

: ઉપાધ્યક્ષ મહિલા :
પલ્લવીબેન એસ. પટેલ
મો. ૭૯૯૦૮ ૬૪૦૩૨

: મંત્રી :
જીતેન્દ્રભાઈ વી. ઠાકર
મો. ૯૯૨૫૩ ૨૨૫૬૫
જયંતીભાઈ ગોહિલ
મો. ૯૨૬૫૯ ૮૭૦૬૮
ડૉ.પ્રહલાદભાઈ આર. ચૌધરી
મો. ૯૪૦૯૩ ૮૦૫૭૯
ચેતનાબેન ભગોરા
મો. ૯૯૭૯૫ ૧૩૭૨૯
અક્ષીતાબેન આર. જાની
મો. ૯૪૨૭૮ ૯૨૮૫૮

: કોષાધ્યક્ષશ્રી :
ચિરાગભાઈ પટેલ
મો. ૯૬૬૨૨ ૯૮૭૭૮

: આંતરિક ઓડિટર :
જગદિશભાઈ આર. બારીયા
મો. ૯૩૭૬૨ ૬૯૮૨૦

: કાર્યાલય મંત્રી :
ડૉ.પિયૂષકુમાર પી. છાપિયા

જા.નં. 608          તારીખ : 03/08/2025

પ્રતિ,
માનનીય ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબ
શિક્ષણ મંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

**વિષય :- 1 સપ્ટેમ્બર 2025 ના રોજ 'અમારું વિદ્યાલય–અમારું સ્વાભિમાન' અભિયાન અન્વયે ગુજરાત રાજ્યની તમામ શાળાઓમાં પ્રાર્થના સભામાં સંકલ્પ લેવા સૂચના આપવા બાબત.**

સાહેબ શ્રી,

જય ભારત સાથે સવિનય નમ્ર વિનંતી છે કે, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા સમગ્ર ગુજરાતની શાળાઓમાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ પોતાની શાળા સાથે આત્મીયતાથી જોડાય તથા વિદ્યાલય વિશે ગૌરવ અનુભવે તો સમગ્ર શાળાનું ભાવાવરણ બનતું હોય છે. વિદ્યાર્થી તથા શિક્ષકનું શાળા સાથેનું જોડાણ શાળાની ઉત્તરોત્તર પદ્ધતિ માં સહાયક બનતું હોય છે. આ અભિયાન અંતર્ગત 'અમારું વિદ્યાલય – અમારું સ્વાભિમાન' વિષયને લઈને ગુજરાતની તમામ સરકારી, ગ્રાન્ટેડ તથા સેલ્ફ ફાઇનાન્સ - પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧ સપ્ટેમ્બર ના રોજ પ્રાર્થના સભામાં સંકલ્પ લેવાની અનુકૂળતા કરવા સૂચના આપવા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની નમ્ર વિનંતી છે.

શિક્ષણ એ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો સાધન નથી, પરંતુ તે સંસ્કાર, સંકલ્પ અને રાષ્ટ્રપ્રેમના ભાવનું પોષણ કરે છે. આપણા વિદ્યાર્થીઓ પોતાના વિદ્યાલય પ્રત્યે ગૌરવ અનુભવે તેમજ પોતાની શાળાને તીર્થ સમાન માન્યતા આપે, એ આશયથી આ અભિયાનની રચના કરવામાં આવી છે.

આ અભિયાન અંતર્ગત સમગ્ર શાળાઓમાં
તા. ૧લી સપ્ટેમ્બર ૨૦૨૫
પ્રાર્થના સભા દરમિયાન

"અમારું વિદ્યાલય – અમારું સ્વાભિમાન" વિષય અનુસાર વિશેષ પ્રાર્થના, સંકલ્પ લેવો, શાળાના પ્રેરક પ્રસંગોની ચર્ચા અને વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા, શિસ્ત અને નિયમિતતાના મૂલ્યો પ્રત્યે જાગૃતિ ફેલાવાનો પ્રયત્ન કરવામાં આવશે.

આપ સાહેબશ્રી મને નમ્ર વિનંતી છે કે આ અભિયાન ગુજરાત રાજ્યના તમામ સરકારી અને અનુદાનિત પ્રાથમિક માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમાન રીતે અનુસરી શકાય તે માટે આપના સ્તરે જરૂરી સૂચના આપવા વિનંતી છે.

આ અભિયાન અમલમાં મુકાતા વિદ્યાર્થીઓમાં પોતાની શાળાની પ્રત્યે ગૌરવ અને જવાબદારીની ભાવના ઉદ્ભવશે. જે દીર્ઘકાલીન પરિણામ લાવનાર સાંસ્કૃતિક પ્રવૃત્તિ બની રહે તેવી આશા છે.

આભાર

# "આપણી શાળા-આપણું સ્વાભિમાન"

(વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સંયુક્ત સંકલ્પ)



## આપણે, શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સંકલ્પ લઇએ છીએ કે

આપણે સાથે મળીને આપણી શાળાને સ્વચ્છ, શિસ્તબધ્ધ, હરિયાળી અને પ્રેરણાદાયી સ્થળ બનાવીશું

આપણે શાળાની સંપતિ, સમય અને સંસાધનોને રાષ્ટ્રીય સંપતિ ગણીશું, તેનું રક્ષણ કરીશું અને તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીશું.

આપણે શાળામાં એવું વાતાવરણ બનાવીશું જ્યાં કોઇપણ પ્રકારનો ભેદભાવ નહીં હોય આપણે સૌ સમભાવ સાથે શીખવા અને શીખવવાના માર્ગ પર આગળ વધીશું.

આપણે શિક્ષકને માત્ર જ્ઞાનના સાધન તરીકે નહીં પણ ચારિત્ર્ય નિર્માણ, સ્વ-વિકાસ અને સમાજ સેવાના માધ્યમ તરીકે સ્વીકારીશું.

આપણે શાળાને ફક્ત એક સંસ્થા તરીકે નહીં પરંતુ સંસ્કાર, સેવા અને સમર્પણનું તીર્થ માની એનું ગૌરવ વધારવા સતત પ્રયત્નશીલ રહીશું.

**આપણે સૌ દ્રઢ સંકલ્પ લઇએ છીએ કે,**
**"આપણી શાળા-આપણું તીર્થ છે, અમારૂ આત્મ-અભિમાન છે, રાષ્ટ્ર નિર્માણનો આધાર છે."**

**ભારત માતા કી જય**

રાષ્ટ્ર કે હિતમેં શિક્ષા | શિક્ષા કે હિતમેં શિક્ષક | શિક્ષક કે હિતમેં સમાજ

**અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત**